બાળકોને મફત અને ફરજીયાત શિક્ષણનો
અધિકાર અધિનિયમ-૨૦૦૯ અને તથા
બાળકોના મફત અને ફરજીયાત શિક્ષણ
અધિકારના નિયમ-૨૦૧૨માં નબળા અને
વંચિત જૂથના બાળકોને બિનઅનુદાનિત
પ્રાથમિક શાળામાં ૨૫ ટકા પ્રવેશ અંતર્ગત
શાળા પ્રવેશ ફેરબદલ કરાવવા અંગે

ગુજરાત સરકાર

શિક્ષણ વિભાગ

ઠરાવ ક્રમાંક: ખપશ/૧૧૨૦૧૭/સિ.ફા.૪/ચ

તા- ૧૭/૧૦/૨૦૧૭

વંચાણે લીધા:

(૧) ભારત સરકારના બાળકોને મફત અને ફરજીયાત શિક્ષણનો અધિકાર અધિનિયમ (આરટીઇ એક્ટ), ૨૦૦૯

(૨) શિક્ષણ વિભાગના તા.૧૮.૦૨.૨૦૧૨ના જાહેરનામા ક્રમાંક -જીએચ/એસેચ/૪/પીઆરઇ/ ૧૨૨૦૧૦/જીઓઆઇ-૧૦/ક

(૩) શિક્ષણ વિભાગના તા.૨૨.૦૫.૧૩ના જાહેરનામા ક્રમાંક -જીએસએચ/એસએચ/૪/પીઆરઇ/ ૧૨૨૦૧૦/જીઓઆઇ-૧૦/ક

(૪) શિક્ષણ વિભાગના તા.૨૩.૦૫.૨૦૧૩ના ઠરાવ ક્રમાંક - ખપશ/૧૦૨૦૧૨/૭૨૭૬૪૬/ચ

(૫) નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની કચેરીની તા.૦૭/૦૭/૨૦૧૭ ની સિંગલ ફાઇલ નં. ૨૨

પ્રસ્તાવના:-

વિભાગના ક્રમાંક-૪ના તા.૨૩/૦૫/૨૦૧૩ના ઠરાવથી બાળકોના મફત અને ફરજીયાત શિક્ષણનો અધિકાર અધિનિયમ - ૨૦૦૯ તથા બાળકોના મફત અને ફરજીયાત શિક્ષણ અધિકારના નિયમ ૨૦૧૨માં નબળા અને વંચિત જૂથના બાળકોને બિન-અનુદાનિત પ્રાથમિક શાળામાં ૨૫ ટકા પ્રવેશ આપવાની જોગવાઇ કરવામાં આવેલ છે. ક્રમાંક-૫ માં દર્શાવેલ સિંગલ ફાઇલથી નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ દ્વારા ધોરણ - ૧માં આરટીઇ અંતર્ગત પ્રવેશ આપ્યા બાદ અનિવાર્ય સંજોગો હેઠળ શાળા ફેરબદલી માટે ઠરાવમાં સુધારો કરવા અત્રે મોકલી આપેલ હતી, જે બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ:-

૧. આરટીઇ એક્ટની જોગવાઇ અનુસાર ખાનગી બિનઅનુદાનિત પ્રાથમિક શાળામાં પ્રવેશ મેળવેલ બાળકને અનિવાર્ય સંજોગોમાં નીચે મુજબની શરતોને આધીન ધોરણ-૧ અથવા ત્યારબાદ અન્ય શાળામાં પ્રવેશની ફેરબદલી કરવાનું પુખ્ત વિચારણાને અંતે આથી ઠરાવવામાં આવે છે.

<u>શરતો:-</u>

(ક) જો અનિવાર્ય સંજોગોમાં સ્થળાંતર થયેલ હોય તો તેના કારણો નોંધવા તથા સ્થળ તપાસ કરવા ઉપરાંત વાસ્તવિક વસવાટની ખાતરી માટે રેશન કાર્ડ, લાઇટ બિલ, ગેસ કનેક્શન બિલ, મતદાર યાદીમાં નામ દાખલ કર્યાનો આધાર તથા ઓળખ કાર્ડ, મકાન વેરા પહોંચ વિગેરે આવા સહિતના આધાર પુરાવા મેળવવાના રહેશે. મુખ્યમંત્રી આવાસ યોજના કે અન્ય સરકારી યોજનામાં આવાસ મળેલ હોય તેનો આવાસ ફાળવણીનો પઝેશન લેટર કે અન્ય સમકક્ષ આધાર અથવા અન્ય સંજોગોના કારણે રહેઠાણ બદલવું પડ્યુ હોય તો તેના આધાર સ્વરૂપ દસ્તાવેજની નકલ, જો મકાન ભાડે મેળવવામાં આવેલ હોય તો રજીસ્ટર્ડ ભાડા કરારની નકલ રજૂ કરવાની રહેશે જે વખતોવખતની મુદત સુધીની રજૂ કરવાની રહેશે.

(ખ) આવા ફેરફારના કિસ્સામાં નવા ફેરફારવાળા સ્થળ સંબંધિત મામલતદાર અથવા તાલુકા વિકાસ અધિકારીશ્રીના નિયંત્રણ હેઠળના ઇ-ધારા કેન્દ્રનો જ આવકનો દાખલો' રજૂ કરવાનો' રહેશે.

(ગ) અંગ્રેજી/ગુજરાતી/હિન્દી વિગેરે માધ્યમમાં અભ્યાસ કરવામાં તકલીફ હોય અને માધ્યમ બદલવાની ઇચ્છા હોય તે પ્રસંગે માતા/પિતા/બાળકની અરજી તથા સંબંધિત સ્કૂલના આચાર્યશ્રીનો અભિપ્રાય સામેલ રાખવાનો રહેશે. માધ્યમ માત્ર એક જ વાર બદલી શકાશે.

(ઘ) ગંભીર માંદગી જેમ કે હૃદય,કિડની, કેન્સર જેવી ગંભીર બિમારી અંગે સિવિલ સર્જન કે સરકારી દવાખાનાના સરકારી ડોક્ટરનું પ્રમાણપત્ર તથા ઉપર દર્શાવેલ રહેઠાણ વિગેરેના પુરાવા રજૂ કરવાના રહેશે.

(ચ) માતા-પિતાના છૂટાછેડા, માતા-પિતા પૈકી કોઇ એકનું અવસાન વગેરે કિસ્સામાં જો શાળા બદલવાની થાય, તો તેનો આધાર તથા ઉપર દર્શાવેલ રહેણાંક વગેરેના પુરાવા રજુ કરવાના રહેશે.

(છ) આવી મંજુરીની સત્તા જિલ્લા કક્ષાએ ડીપીઇઓ/ડીઇઓ ને આપવાની થાય. જેની જાણ નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ તથા સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રી, સર્વ શિક્ષા અભિયાનને કરવાની રહેશે.

(જ) શાળા ફેરબદલી કર્યા બાદ ઓનલાઇન માહિતી અપલોડ જિલ્લા કક્ષાએથી કરવાની રહેશે.

(ઝ) ઉપર્યુક્ત શરતોને આધીન બાળકોને પડોશની શાળા એટલે નીચે મુજબની વ્યાખ્યાયિત શાળામાં જ પ્રવેશ આપવાનો રહેશે.

(૧) શાળાની પડોશનો વિસ્તાર:- બાળકોના સંબંધમાં, નજીકના વિસ્તારના ચાલીને જઇ શકાય તેવું ૧ કિ.મી. નું અંતર

(૨) ૧ કિ.મી. માં પર્યાપ્ત વિદ્યાર્થીઓ ઉપલબ્ધ ન થાય તો, ૩ કિ.મી. સુધીનું અંતર

(3) ૩ કિ.મી. માં પર્યાપ્ત વિદ્યાર્થીઓ ઉપલબ્ધ ન થાય તો, ૬ કિ.મી. સુધીનું અંતર માટે ડીપીઇઓ/ડીઇઓ એ સૌપ્રથમ સંબંધિત વિસ્તારની શાળાની જે તે તારીખે વાસ્તવિક સ્થિતિની

માહિતી મેળવીને જ પ્રવેશપાત્ર બાળક માટે વિસ્તારની મર્યાદામાં શાળામાં પ્રવેશ આપવાનો રહેશે. દા.ત. જો ૧ કિ.મી.ની મર્યાદામાં શાળા પ્રવેશ શક્ય બનતો હોય તો તે જ શાળામાં પ્રવેશ આપવાનો રહેશે.

(ટ) સ્થળ ફેરફારના કારણે શાળાને આપવાપાત્ર રકમ સપ્રમાણ આપવાની રહેશે. દા.ત. વાર્ષિક ૧૦૦૦૦ રકમ શાળાને આપવાપાત્ર હોય તો તેને ૩૬૫ થી ભાગ કરતા પ્રતિદિન થતી રકમ સંબંધિત શાળાને આપવાની રહેશે.

૨. આ બાબતે કેળવણી નિરીક્ષક કક્ષાં કે તેથી ઉપરની કક્ષાના કોઇ એક જ અધિકારી જાતે જૂના તથા નવા બન્ને સ્થળોની તપાસ રૂબરૂમાં જઇને કરવાની રહેશે તથા તેની સ્થળ સ્થિતિનો અભિપ્રાય સહિત અહેવાલ મેળવવાનો રહેશે.

3. ઉપરોક્ત બાબતે કારણો નોંધી ડીપીઇઓ/ડીઇઓ ને વિગતવાર હુકમ કરવાનો રહેશે તથા તેનો અમલ પણ કરાવવાનો રહેશે.

૪. આ અંગે અન્ય તમામ કાર્યવાહી વિભાગના તા.૨૩/૦૫/૨૦૧૩ના ઠરાવની જોગવાઇઓ મુજબ કરવાની રહેશે.

૫. આ ઠરાવ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર સરકારશ્રીની તા.૦૭/૧૦/૨૦૧૭ની નોંધથી મળેલ અનુમતી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(બી.પી.ચૌહાણ)
નાયબ સચિવ
શિક્ષણ વિભાગ

૩૫૯૪-૩૬૫૩

ક્રમાંકઃપ્રાશિનિ/RTE/ઠરાવ સુધારો/૨૦૧૭
પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી
બ્લોકનં.૧૨/૧,ડૉ.જી.મ.ભવન,
ગુ.રા.ગાંધીનગર તા.૧૩/૧૧/૨૦૧૭

નકલ રવાના જાણ તથા અમલ કરવા સારૂ.

(ડૉ.એસ.પી.ચૌધરી)
નાયબ શિક્ષણ નિયામક
ગુ.રા.ગાંધીનગર

પ્રતિ,

- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, (તમામ)
- જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, (તમામ)

૨૦૯૮૩-૯૭/૫૪
ક્રમાંક / પ્રા-શિ-૨-૨૦૨૦
જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી
જોરાવર પેલેસ,
બનાસકાંઠા જિલ્લો, પાલનપુર,
તારીખ ૨૩-૧૧-૨૦૨૦

૨૧- નકલ રવાના જાણ તથા ઉપરોક્ત વિગતે સૂચનાર્થે રવાના કરવા સારૂ.

જિલ્લા શિક્ષણાધિકારી
બનાસકાંઠા જિલ્લો, પાલનપુર

પ્રતિ
આચાર્યશ્રી.
બિન સરકારી પ્રાથમિક શાળાઓ તમામ
પ્રાઇવેટ બનાસકાંઠા જિલ્લો.